**અગત્યનું**

ક્રમાંક : માધ્ય/મા-૨/વિદ્યાદીપ/૨૦૨૨/૩૨૪૮-૮૨
કમિશનર શાળાઓની કચેરી,
બ્લૉક નંબર – ૯/૧, ડૉ. જીવરાજ
મહેતા ભવન, ગુ,રા, ગાંધીનગર
તા.૨૧-૦૨-૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
**તમામ, ગુજરાત રાજ્ય.**

**વિષય :વિદ્યાદીપ વીમા યોજનાના સુચારૂ અમલીકરણ સારૂ સૂચનાઓને ધ્યાને લેવા બાબત.**

**સંદર્ભ** :વીમા નિયામકશ્રી, ગાંધીનગરના તા.૧૦/૦૨/૨૦૨૨ ના પત્ર-ક્રમાંક: વીનિ/યુનિટ-૨/વિકાસ/૨૦૨૧-૨૨/૨૫૭.

શ્રીમાન/શ્રીમતિ,

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભના અનુસંધાને જણાવવાનું કે, સરકારશ્રીની વિદ્યાદીપ વીમા યોજના અંતર્ગત આપના કક્ષાએ કરવાની થતી કામગીરી પરત્વે તથા આપની કક્ષાએથી વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ખાતે રજુ થતી દરખાસ્તો પરત્વે ધ્યાને લેવાની થતી શરતો/સૂચનાઓ ઉક્ત સંદર્ભ દર્શિત પત્રથી અત્રેની કચેરીને મળેલ છે. જેને ધ્યાને લઈ નીચે મુજબની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવા આથી જણાવવવામાં આવે છે.

1. દરેક જિલ્લાના નોડલ અધિકારીશ્રીઓને સરકારશ્રીના નાણા વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૩ ના ઠરાવ મુજબના દસ્તાવેજો, અકસ્માતની વ્યાખ્યા વિગેરે તથા સરકારશ્રીના અન્ય વખતો વખતના ઠરાવોની જોગવાઈ ધ્યાને લઈને જ NIC પોર્ટલમાં ઓનલાઈન નોંધણી કરી, ત્યારબાદ વધુમાં વધુ દિવસ ૩૦ માં NIC જનરેટેડ પ્રમાણપત્રની પ્રિન્ટ સાથે સહી સિક્કા કરી આખે આખો દાવા બંચ હાર્ડ કોપીમાં વીમા નિયામકની કચેરી, ગાંધીનગરને મોકલી આપવા રહેશે.
2. જો દાવા દરખાસ્ત પ્રાથમિક તબક્કે જ (ઠરાવની જોગવાઈ મુજબ) ગ્રાહ્ય રહી શકે નહી કે સ્વિકારવા પાત્ર હોય નહી, તો નોડલ અધિકારી કક્ષાએથી જ નામંજુર કરવાની રહેશે.

ઉક્ત સૂચનાઓને અનુસરીને વીમા નિયામકની કચેરી, ગાંધીનગરના પરામર્શમાં રહીને સદર વિદ્યાદીપ વીમા યોજનાનો નિયમાનુસાર અમલ કરવાનો રહેશે.

ઉક્ત બાબતથી આપની તાબા હેઠળની શાળાઓને અવગત કરવા આથી જણાવવામાં આવે છે. જેની ખાસ નોંધ લેશો.

**સંયુક્ત શિક્ષણ નિયામક**
**માધ્યમિક**
**ગાંધીનગર.**

**નકલ સવિનય જાણ સારૂ રવાના :-**

- વીમા નિયામકશ્રી, રાજ્ય વિમા નિધી, ગુજરાત સરકાર, વીમા લેખા ભવન, બ્લૉક નં.૧૭, ત્રીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦.



જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
બોટાદ
આવક નં. ૬૧૪
તારીખ. ૨૧/૨/૨૨
શાખા. ગ્રાન્ટ

Scanned with CamScanner